# મોદી સરકારનો ઐતિહાસિક નિર્ણય

## કેન્દ્રિય ગૃહપ્રધાન અમિત શાહે ભારે ઉત્તેજના-હલચલ વચ્ચે ઘોષણા કરી : રાષ્ટ્રપતિ કલમ ૩૭૦ને દુર કરે તેવા રાજપત્ર ઉપર પહેલાથી હસ્તાક્ષર કરી ચુક્યા છે તેવી જાહેરાત કરી શાહે તમામને ચોંકાવ્યા : કાશ્મીરમાં નવી શરૂઆત

- જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ
- જમ્મુ કાશ્મીર અને લડાખ બે ભાગમાં રાજયનુ વિભાજન
- જમ્મુ-કાશ્મીર અને લડાખ કેન્દ્ર શાસિત પ્રદેશ જાહેર
- જમ્મુ-કાશ્મીરમાં ઉપરાજ્યપાલ રહેશે અને વિધાનસભા
- લડાખમાં ઉપરાજ્યપાલ જ રહેશે

નવીદિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે આજે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી વિવાદાસ્પદ અને જટિલ કલમ ૩૭૦ને નાબુદ કરી હતી. મોદી સરકારે સ્વતંત્ર ભારતા ઈતિહાસમાં હજુ સુધીનો સૌથી મોટો નિર્ણય કરીને દેશના કરોડો લોકોની અપેક્ષાને અંતે પૂર્ણ કરી છે. મોદી અને કેન્દ્રિય ગૃહપ્રધાન અમિત શાહની જોડીએ નવો ઈતિહાસ સર્જ્યો હતો. સરકારે ભારે હલચલ વચ્ચે રાજયસભા રાજયસભામાં ઐતિહાસિક સંકલ્પ રજૂ કરીને કેટલાક નિર્ણયની જાહેરાત કરી હતી. કલમ ૩૭૦ અને કલમ ૩૫એ નાબુદ કરીને એક નવી શરૂઆત કરી દીધી છે.કલમ ૩૭૦ને દુર કરવાની સાથે રાજ્યનુ વિભાજન જમ્મુ કાશ્મીર અને લડાખ તરીકે બે કેન્દ્રશાસિત પ્રદેશમાં થઈ ગયુ છે. નવી વ્યવસ્થા મુજબ જમ્મુ

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૭ | ૬ ઓગસ્ટ, ૨૦૧૯, મંગળવાર; શ્રાવણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## કાશ્મીરમાં હવે શું બદલાયું

**કોઇપણ સંપત્તિ ખરીદી શકશે**

કલમ ૩૭૦ જોરદાર માંગ અને દશકોની લાંબી રજૂઆત બાદ આખરે મોદી સરકારે નાબૂદ કરી દીધી હતી. આની સાથે જ જમ્મુ કાશ્મીરમાં તમામ ચીજો બદલાઈ ગઈ છે. કોઈપણ નાગરિક હવે જમ્મુ કાશ્મીરમાં સંપત્તિની ખરીદી કરી શકશે. દેશમાં અન્ય રાજ્યોના લોકો અહીં સંપત્તિ ખરીદીને આગળ વધી શકશે.

**અલગ ધ્વજ રહેશે નહીં**

જમ્મુ કાશ્મીરમાં પોતાનો ધ્વજ હવે રહેશે નહીં ત્યાં સરકારી ઓફિસો ઉપર પહેલા જમ્મુ કાશ્મીરના ધ્વજ જોવા મળતા હતા. ભારતના ધ્વજની સાથે જમ્મુ કાશ્મીરનો ધ્વજ રહેતો હતો. હવે જમ્મુ કાશ્મીરમાં અલગ ધ્વજ રહેશે નહીં. તમામ જગ્યાઓએ રાષ્ટ્ર ધ્વજ રહેશે

**દેશના અન્ય ભાગ જેવા કાયદા લાગૂ થશે**

કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ હવે દેશના અન્ય ભાગોની જેમ જ દેશના અન્ય કાયદા જમ્મુ કાશ્મીરમાં લાગૂ થશે. હજુ સુધી જમ્મુ કાશ્મીર માટે સંરક્ષણ, વિદેશ અને સંચાર સિવાય અન્ય કોઈ વિષયમાં કાયદા બનાવવાના અધિકાર ન હતા. જમ્મુ કાશ્મીરને અલગ અલગ સંવિધાન બનાવવાની મંજુરી હતી પરંતુ હવે આ સ્થિતિ બદલાઈ ગઈ છે

**રાજ્યપાલનો હોદ્દો પણ ખતમ**

રાજ્યપાલનો હોદ્દો હવે જમ્મુ કાશ્મીરમાં ખતમ થઈ ગયો છે. રાજ્યની પોલીસ અને સુરક્ષા દળો કેન્દ્ર સરકારના નિયંત્રણમાં રહેશે. જમ્મુ કાશ્મીરમાં હવે રાજ્યપાલ કોઇ કામ કરી શકશે નહીં

**કલમ ૩૫૬ લાગૂ થશે**

જમ્મુ કાશ્મીર રાજ્યમાં બંધારણની કલમ ૩૫૬ કલમ ૩૭૦ના

● અનુસંધાન પાન-૭ પર

# જમ્મુ કાશ્મીર પુનઃગઠનનું બિલ રાજ્યસભામાં પસાર

## મોદીએ અમિત શાહની ભારે પ્રશંસા કરી : શાસક પક્ષ તેમજ વિપક્ષના સભ્યોની બંને પર નજર રહી



નવીદિલ્હી,તા.૫

રાજયસભામાં જમ્મુ કાશ્મીરની ફેરરચના અંગેનું બિલ પાસ થઈ ગયા બાદ કલમ ૩૭૦ ઉપર ચર્ચા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમાં અમિત શાહને અભિનંદન કરતા નજરે પડ્યા હતા. અમિત શાહની કામગીરીથી મોદી ભારે ખુશખુશાલ દેખાયા હતા. આ ગાળા દરમિયાન સત્તા પક્ષ અને વિપક્ષ બંનેની નજર કેન્દ્રીત રહી હતી. રાજયસભાના કર્મચારીઓ પણ આ ગાળા દરમિયાન પાછળ વળીને અમિત શાહ અને મોદીને જોતા નજરે પડ્યા હતા. બીજી બાજુ સામાન્ય વર્ગના ગરીબોને ૧૦ ટકા અનામત આપનાર બિલ પણ રજૂ કરવામાં આવ્યું હતું. બંને બિલને રાજ્યસભાની મંજુરી મળી ગઈ છે. હવે બંને બિલને લોકસભામાં પસાર કરવાના રહેશે. નરેન્દ્ર મોદી સરકારે જમ્મુ-કાશ્મીરના પુનર્ગઠનનું બિલ રજૂ કર્યું છે. તેના અંતર્ગત જમ્મુ-કાશ્મીરથી લદ્દાખ અલગ કરી દેવામાં આવ્યું છે. લદ્દાખને વિધાનસભા વગરના કેન્દ્ર શાસિત રાજયનો દરજ્જો આપવામાં આવ્યો છે.

અમિત શાહ તરફથી આપવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, લદ્દાખના લોકોની ઘણાં સમયથી માંગણી હતી કે લદ્દાખને કેન્દ્ર શાસિત રાજયનો દરજ્જો આપવામાં આવે. જેથી અહીં રહેનારા લોકો તેમના લક્ષ્યને મેળવી શકે. રિપોર્ટ પ્રમાણે જમ્મુ-કાશ્મીરને અલગથી કેન્દ્ર શાસિત રાજયનો દરજ્જો આપવામાં આવ્યો છે. જમ્મુ-કાશ્મીર રાજયમાં વિધાનસભા હશે. સીઆરપીએફના વધુ ૮,૦૦૦ જવાન જમ્મુ-કાશ્મીર ટ્રાન્સફર કરવામાં આવ્યા. રાજ્યસભામાં લંચનો સમય રદ કરવામાં આવ્યો અને ચર્ચા ચાલુ રાખવામાં આવી. જેડીયુએ મોદી સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો, જ્યારે આમ આદમી પાર્ટીએ સમર્થન આપ્યું.

બહુજન સમાજવાદી પાર્ટીએ મોદી સરકારના આ નિર્ણયને સમર્થન આપ્યું. જમ્મુ-કાશ્મીર હવે કેન્દ્ર શાસિત રાજ્ય બની ગયું છે, સાથે જ લદ્દાખને જમ્મુ-કાશ્મીરથી અલગ કરવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હવે બંને કેન્દ્ર શાસિત રાજ્ય બનશે. અમિત શાહની જાહેરાત પછી વિપક્ષનો હોબાળો પીડીપી સાંસદે રાજ્યસભામાં તેમના કપડાં ફાડીને વિરોધ નોંધાવ્યો.

## કોનો - શું પ્રતિભાવ....

**આ નિર્ણયથી દેશને મજબૂતી મળશે : અડવાણી**



ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપક સભ્યોમાંના એક અને પાર્ટીના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીએ કલમ ૩૭૦ હટાવવા પર કહ્યું કે હું ભાજપ સરકારના આ ઐતિહાસિક નિર્ણયથી ખૂબ જ ખુશ છું. જનસંઘની સ્થાપના થઈ તે સમયથી અમે કલમ ૩૭૦ હટાવવાની માગ કરી રહ્યા હતા જે આજે પૂર્ણ થઈ છે. સરકારના આ નિર્ણયથી દેશને મજબૂતી મળશે.

**આજે લોકશાહીનો કાળો દિવસ : મહેબૂબા**



આજે ભારતીય લોકતંત્રનો સૌથી કાળો દિવસ છે. જમ્મુ કાશ્મીરના નેતૃત્વનો ૧૯૪૭માં ૨ રાષ્ટ્રની થિયરીને ફગાવીને ભારતમાં સામેલ થવાનો નિર્ણય ઉલ્ટો સાબિત થયો. ભારત સરકારનો અનુચ્છેદ ૩૭૦ને હટાવવાનો નિર્ણય ગેરબંધારણીય અને અયોગ્ય છે.

**આ ભારત સાથે ગદ્દારી છે : ગુલામ નબી**



કોંગ્રેસ નેતા ગુલાબ નબી આઝાદે જમ્મુ કાશ્મીર મુદ્દે મોદી સરકાર પર આકાર પ્રહાર કર્યા છે. તેમણે જણાવ્યુ કે, મોદી સરકાર જમ્મુ કાશ્મીરમાં શાંતિ ભંગ કરવાની કોશિશ કરી રહી છે. જમ્મુ કાશ્મીરને ૭૦ વર્ષ પાછળ લઈ જવાની તૈયારી કરી રહી છે. આજે કાશ્મીરમાં લોકતંત્રની હત્યા કરવામાં આવી રહી છે. ભાજપની સરકારે દેશનું માથું કાપી લીધું છે અને આ ભારત સાથે ગદ્દારી છે.

**અમે નિર્ણયનું સમર્થન કરીએ છીએ : કેજરીવાલ**



આમ આદમી પાર્ટી પ્રમુખ અરવિંદ કેજરીવાલે પણ જમ્મુ કાશ્મીર અંગે લેવાયેલા આ નિર્ણયનું સમર્થન કરતા ટ્વીટ કર્યું છે. તેમણે કહ્યું કે, અમે સરકારના નિર્ણયનું સમર્થન કરીએ છીએ, આશા કરીશું કે નિર્ણયથી રાજ્યમાં શાંતિ અને વિકાસ થશે.

**શ્યામા પ્રસાદ મુખર્જીનું સ્વપ્નું પૂર્ણ થયું: રામ માધવ**



ભાજપા નેતા રામ માધવે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી દેવાના નિર્ણય બાદ કહ્યું કે મોદી સરકારે સાત દાયકા જૂની જનતાની માગને સંતોષી છે. ભારતીય સંઘમાં જમ્મુ-કાશ્મીરને એક કરવાનું જે સપનું ડો. શ્યામા પ્રસાદ મુખર્જીએ જોયું હતું અને જેના માટે હજારો લોકો શહીદ થયા હતા તે સપનું અત્યારે સાકાર થતું જોવા મળી રહ્યું છે.

# કાશ્મીરમાં મહેબુબા મુફ્તિ અને ઉમર અબ્દુલ્લાની ધરપકડ કરાઈ

## જમ્મુ કાશ્મીરમાં ૧૪૪ લાગુ : સ્કુલ અને કોલેજ બંધ ઇન્ટરનેટ સેવા બંધ, અનેક વિસ્તારમાં સંચારબંધી



શ્રીનગર,તા. ૫

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ મોડીસાંજે કાશ્મીરના બંને પૂર્વ મુખ્યમંત્રીઓ મહેબુબા મુફ્તિ (પીડીપી) અને ઉમર અબ્દુલ્લા (નેશનલ કોન્ફરન્સ)ની ધરપકડ કરાઈ હતી. ધરપકડ બાદ બંનેને સરકારી ગેસ્ટહાઉસ હરિબાગ ખાતે લઈ જવાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલ સાંજથી કાશ્મીરના બધા જ રાજકીય નેતાઓ નજરબંધ કરાયા હતા.

આ ઉપરાંત પ્રાદેશિક પક્ષોના નેતાઓ સજ્જાદ લોન અને ઈમરાન અંસારીની સાથે અનેક નેતાઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદી પહેલા જ સાવચેતીના વિવિધ પગલા લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે અડધી રાત બાદ કઠોર નિર્ણયોની શરૂઆત થઈ હતી. કાશ્મીરમાં જોરદાર રાજકીય હલચલ વચ્ચે આજે સવારે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી. રાજ્યને લઈને કોઈ મોટા નિર્ણયની વચ્ચે સવારે છ વાગ્યાથી કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી હતી.

# કાશ્મીરમાં કલમ ૩૭૦ દુર થયા બાદ અસંખ્ય ફાયદા

## બહારના લોકો પ્રદેશમાં સંપત્તિ ખરીદી શકશે : તમામ સરકારી ઓફિસ ઉપર હવે તિરંગો ધ્વજ : દેશના અન્ય રાજ્યોના તમામ કાયદા જમ્મુ કાશ્મીરમાં અમલી

નવી દિલ્હી,તા. ૫

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવાનો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યા બાદ હવે આના અનેક ફાયદા થનાર છે. કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં તમામ બાબતો બદલાઈ જશે. ખાસ કરીને એક નવી શરૂઆત જમ્મુ કાશ્મીરમાં થનાર છે. રાજ્યને હવે ખાસ દરજ્જો રહેશે નહીં. દેશના અન્ય રાજ્યોની જેમ જ ત્યાં કાયદા લાગૂ પડશે. દેશમાં કોઈપણ જગ્યાએ રહેનાર વ્યક્તિ હવે જમ્મુ કાશ્મીરમાં સંપત્તિની ખરીદી કરી શકશે. પહેલા આ જોગવાઈ કરવામાં આવી ન હતી. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના અગાઉ પોતાનો ધ્વજ હતો પરંતુ હવે અલગ ધ્વજ રહેશે નહીં. હવે જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવશે. હજુ સુધી સરકારી ઓફિસોમાં ભારતના ધ્વજની સાથે સાથે જમ્મુ કાશ્મીરનો ધ્વજ રહેતો હતો. બાકી દેશની જેમ જ જમ્મુ કાશ્મીરમાં તમામ કાયદા લાગૂ થશે. કલમ ૩૭૦ના કારણે દેશની સંસદને જમ્મુ કાશ્મીર માટે સંરક્ષણ, વિદેશ સિવાય અન્ય નિર્ણયમાં તકલીફ પડતી હતી. કલમ ૩૫૬ પણ લાગૂ થઈ શકતી ન હતી જેથી રાષ્ટ્રપતિની પાસે રાજ્ય સરકારને દરખાસ્ત કરવાનો અધિકાર પણ ન હતો. જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન નહીં બલ્કે રાજ્યપાલ શાસન રહેતું હતું. જમ્મુ કાશ્મીર હવે કેન્દ્ર શાસિત પ્રદેશ રહેશે. બેવડી નાગરિકતા પણ ખતમ થઈ ગઈ છે. કલમ ૩૭૦ના કારણે જમ્મુ કાશ્મીરમાં મતદાનનો અધિકાર ત્યાંના સ્થાનિક નાગરિકોને હતો બીજા રાજ્યના લોકો માત આપી શકતા ન હતી. ઉમેદવાર પણ બની શકતા ન હતા. આ નિર્ણય બાદ ભારતના કોઈપણ નાગરિક ત્યાંના વોટર બની શકે છે. ઉમેદવાર બની શકે છે. હજુ સુધી જમ્મુ કાશ્મીરમાં ૮૭ સીટો હતી પરંતુ હવે કેન્દ્ર શાસિત પ્રદેશ બનવાથી વિભાજનની સ્થિતિ રહેશે. કાશ્મીર વિધાનસભાવાળી કેન્દ્રશાસિત પ્રદેશ રહેશે અને વિધાનસભાની અવધિ છ વર્ષની જગ્યા પાંચ વર્ષની રહેશે. આરટીઆઈ કાનૂન પણ કાશ્મીરમાં ચાલશે.

● અનુસંધાન પાન-૭ પર

## અભિનંદન



**ગાંધીનગર સિદ્ધાર્થ લો-કોલેજની વિદ્યાર્થીની ખલીફા શબનમ ગુજરાત યુનિવર્સિટીમાં એલ.એલ.બી.ની પરીક્ષાના છઠ્ઠા સેમીસ્ટરમાં સમગ્ર યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે**

ગાંધીનગર સિદ્ધાર્થ લો-કોલેજમાં એલ.એલ.બી.ના છઠ્ઠા સેમીસ્ટરમાં અભ્યાસ કરતી ખલીફા શબનમ સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે પાસ થઈ છે. આ ખલીફા સબનમ ગાંધીનગર કોર્ટમાં વકીલશ્રી બી. આર. શર્મા સાહેબના જુનીયર શીપમાં છેલ્લા એક વર્ષથી ટ્રેનીંગ લઈ રહ્યા છે. જેઓ મુળ ધોળકાના વતની છે. જેમના પિતા અસલમભાઈ ખલીફા એક સામાન્ય દરજીકામ કરે છે અને જેઓના માતૃશ્રી શીહિન એક હાઉસ વાઈફ છે. જે મુસ્લીમ સમાજમાં એક દાખલો બેસાડે છે. જેઓને આગળ વધી જ્યુડીશીયલમાં જજ થવાની અપેક્ષા છે અને તેઓ તે મુજબની તૈયારીઓ પણ કરી રહ્યા છે.

હોટલ (AC) અનલિમીટેડ થાળી 120/- પ્રતિ ડીશ
મેરી ગોલ્ડ
ફરસાણ : એક, સ્વીટ : એક્સ્ટ્રા,
દાળ : ગુજરાતી, કડી : કાઠિયાવાડી
સબજી : પનીરની સબજી, બટાકાની સબજી, લીલી સબજી | ભાત, રોટી, પાપડ, છાસ, ચટણી, સલાટ
સ્થળ : પ્લોટ નં. ૨૮૧, ટોરેન્ટ પાવર લિ.ની બાજુમાં, ઘ-રોડ, સેક્ટર-૧૬, ગાંધીનગર
M. : 9422894747, 9983995941 8657301111

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ACHIEVE OVERSEAS CONSULTANCY
IELTS કોચીંગ
સ્પેશીયલ લેડીઝ બેચ
● આવો તમારા સપનાને સાકાર કરીએ (તમારા સપનાની નજીક એક પગલું આગળ આવો)
● તમારુ ૮ ૭ ૭ ૭ નું લક્ષ્યાંક પ્રાપ્ત કરો (તમારા સપનાના સ્કોર લાવો ૮, ૭, ૭, ૭)
● સ્પોકન ઈંગ્લીશના અલગથી ક્લાસીસ લેવામાં આવશે.
ફ્રી ડેમો ક્લાસ
આજે જ જોડાવો અને તમારા સપના સાકાર કરો.
બીજે માળ, આર વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ૯૯૮૦૭૨૩૫૩૩ / ૦૭૯-૨૩૨૨૩૫૩૩